શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

માર્ચ - ૨૦૦૭'

છુટક નકલ રૂા. ૧/-

૫૦
૧૯૫૬ - ૨૦૦૬
જ્યોતિ-પૂંજ

## માણસનો વિકાસ

દરેક માણસ વિકસી શકે છે, જો એ પોતે વિકસવા માંગતો હોય તો, ગાંધીજી કહેતા, લોકો ફાલતું વાતો સમજવામાં જેટલો સમય બગાડે છે એટલો પોતાને સમજવા માટે નથી આપતા, મહાન સંત ઑગસ્ટીને પણ કહેલું કે, માણસ આકાશના તાાર જોઈને કે સમુદ્રને જોઈને કે સૂર્યચંદ્રની ગતિ જોઈને ખૂબ આશ્ચર્ય પામે છે, પણ ભગવાને બનાવેલો જે માણસ છે તેને જોઈને આશ્ચર્ય નથી પામતો એ કેવું મોટું આશ્ચર્ય છે ! વિકસવા માટેની પહેલી શરત છે, માણસે પોતાની જાતનું સ્વનિરીક્ષણ કરવું અને એ પણ એકવાર નહિ, સતત કરતાં રહેવું. શાસ્ત્રમાં કહ્યું છે,'વાંચન, પ્રવાસ, નિરીક્ષણ અને જ્ઞાનીની સંગત માણસનો વિકાસ સાધવામાં ખૂબ મોટો ફાળો આપે છે. વાંચનથી વિકાસ શક્ય છે, પણ અખાએ કહ્યું છે,'કથા સુણી સુણી ફૂટયા કાન, અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન' તેવું થાય તો પરિણામ સાંપડે નહિ. વિકાસશીલ બનવા માટે ગુણગ્રાહી બનવું જ પડે. અન્યોની ખોડ-ખામીમાં વખત બગાડીએ ઓ અહમ વધે ને જ્ઞાન ઘટે.

- સંકલન

# મારી ૫૦મી વર્ષગાંઠમાં આવશો ?

હું જ્યોતિપુંજ, છેલ્લા ૫૦ વર્ષોથી હું તમારા ઘરની દર મહિને નીયમીત મુલાકાત લઉં છું. આપણે દર મહિને મળીએ કે ના મળીએ તમારી ઈચ્છા હોય કે ન હોય કોકવાર તો વાતો થાય જ છે. હું તમને ગમું કે ન ગમું પરંતુ એકાદ આવી મુલાકાત યાદ હોય તો, મારી ૫૦ મી વર્ષગાંઠ નિમિત્તે હું તમને સહર્ષ આમંત્રણ આપું છું. જો તમે મારી વર્ષગાંઠની ઉજવણીમાં ભાગ લેશો તો મને વધુ ગમશે. મને સંતોષ થશે કે તમે મારો સ્વીકાર કર્યો. તો આવશોને જુન ૨૦૦૭માં દિવસ અને સ્થળ હું તમને આગામી મુલાકાતમાં જણાવીશ.

આ ઉજવણીમાં ભાગ લેવા માટે તમારે તમારું ૭ કે ૮ જણાનું ગ્રુપ બનાવવાનું છે, ગરબો, ફીલ્મી ગીત, થીમ ડાન્સ, ભાંગડા, બાંબુ ડાન્સ વગેરે વગેરેમાંથી કોઈ પણ આઈટમ નંબર (૬ થી ૭ મિનિટ મેક્સીમમ) આપી શકાશે. આ પ્રોગ્રામમાં બીજા અન્ય પ્રોગ્રામનો સમાવેશ કરવાનો હોવાથી ફક્ત ૯ થી ૧૦ ગ્રુપને લેવામાં આવશે. તમારે તૈયારી તમારી રીતે કરવાની રહેશે.

ફાઈનલ સીલેક્શન કરતાં પહેલાં જે ગ્રુપનો પ્રોગ્રામ સારામાં સારો હશે એના ગ્રુપને ચાન્સ મળશે. તો આવો જલદી કરો. તમારા નામ લખાવશો. (ગ્રુપ બનાવીને અને શું આઈટમ આપવાના છો એ લખીને).

કન્વીનર શ્રી જતીન ન. દેસાઈ, ફોન : ૯૮૨૦૦ ૪૯૧૩૪, ૨૨૦૦ ૧૬૫૯. સંસ્થાની ઓફિસમાં સમય દરમિયાન અથવા તંત્રી શ્રી નિખીલ બા. પરીખ - ફોન : ૯૮૨૧૩ ૨૬૪૩૨, ૨૪૪૪૯૯૨૯.

આ જ દિવસે ૧૯૫૭ થી શરૂ થઈ ૨૦૦૭ સુધી મને (જ્યોતિ પુંજ) ને ૫૦માં વર્ષમાં પહોંચાડનાર તેમના હયાત તંત્રીઓનું સન્માન કરીશું. જેમના નામો નીચે મુજબ છે.

(૧) શ્રી પ્રવીણ સાકરલાલ દેસાઈ ૧૯૫૭ થી ૧૯૬૦. (૨) શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (લટકારી) ૧૯૬૧ થી ૧૯૬૩ - ૧૯૬૯ થી ૧૯૭૧. (૩) શ્રી જયંતિલાલ ચંદુલાલ કડકીઆ (મરઘાં) ૧૯૬૭. (૪) શ્રી પ્રવીણચંદ્ર લલ્લુભાઈ પરીખ (રોકડીઆ) ૧૯૬૮, (૫) શ્રી રસીકભાઈ પરીખ (તાતીઆ) ૧૯૬૮-૧૯૬૯ (૬) શ્રી કિરીટકુમાર ચંદુલાલ પરીખ (સરકાર) ૧૯૭૨, (૭) શ્રી પંકજ કિર્તનલાલ શાહ ૧૯૭૭ થી ૧૯૮૧, (૮) શ્રી ઊર્વિશ રસિકલાલ મોદી (દેવ), ૧૯૮૨ થી ૧૯૮૭, (૯) શ્રી નિખીલ બાબુલાલ પરીખ ૧૯૮૮ થી ૨૦૦૭.

આ પ્રોગ્રામને પણ ખૂબ જ સુંદર રીતે ઊજવશું. ફરી એક વખત તમારા સાથ-સહકારની અપેક્ષા છે.

- કન્વીનર : જતીન નવનીતલાલ દેસાઈ

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૯ | ૧૨ | ૧૪-૩-૨૦૦૭ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન** : ૨૪૪૪ ૯૯૧૬ ● ૨૪૪૪ ૯૯૨૯

✻

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
**ટે.**(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

✻

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# દ્રષ્ટિનો ફેર

*તંત્રી સ્થાનેથી*

'કૃષ્ણ મારી દ્રષ્ટિએ' શ્રી હરીન્દ્ર દવે દ્વારા લખાયેલ આ પુસ્તકનું નામ લેખકે બહુ જ સુચક આપ્યું છે. મારી દ્રષ્ટિએ જોવાયેલ કૃષ્ણ. દરેક માણસ કૃષ્ણમાં નટખટ બાળક દેખાય છે, તો કોકને ગીતાનો બોધ આપનાર ગુરુ, કોકને એક અઠંગ રાજકારણી દેખાય, તો કોકને બાંસુરી વગાડી ગાયો ચરાવતાં ગોપીઓ સાથે રાસ રમતાં પ્રેમમુર્તિ સખા. જો કે કૃષ્ણ તો અવતાર હતા માનવ જીવનના દરેક પાસાં સમજાવતા, જીવનની દરેક પરિસ્થિતીમાં શું સાચું શું ખોટું એ સમજાવવા આવ્યા હતાં. એમણે બાળસહજ તોફાનો પણ કર્યા અને યોધ્ધા બનાને યુધ્ધ પણ કર્યા. પ્રેમપૂર્વક જીવવાનું અને વખત આવે પરિસ્થિતિ સામે લડી લેવાનું શીખવવા આવ્યા હતા.

આજે વાત 'માનવી મારી દ્રષ્ટિએ'ની કરવી છે. માનવ દ્રષ્ટિની કરવી છે. બહુ જ જુની અને સુચક વાર્તા દરેકે સાભળી હશે. આંખે પાટા બાંધી હાથીને ઓળખવાની વાત. એક જણને પગ અડકીને થાંભલાનો અહેસાસ થયો. બીજાને કાન અડકીને સુપડાંનો, તો વળી ત્રીજાને પુંછડી અડકીને દોરડીનો અને ચોથાને સુંઢ પકડીને હોસ પાઈપનો. એક પ્રાણીને જો આપણે અલગ અલગ એંગલેથી જોઈને અલગ અલગ રીતે મુલવી શકતાં હોઈએ તો માનવીનું શું? માનવજીવનનું શું? સામાન્ય રીતે આપણે કોઈપણ

માણસને જોઈને, એકાદ અનુભવ ઉપરથી નામ આપી દઈએ જબરો, કાફર, લુચ્ચો, કંજુસ, અતડો, મુંજી, લહેરીલાલા વગેરે વગેરે અને પછી એજ રીતે એને મુલવીએ બીજાને પણ એ રીતે ઓળખાવીએ.

ઘરમાં ત્રણ ગાડી હોવા છતાં પ્રવીણ દુકાને ચાલીને જાય છે. બસની લાઈનમાં ઉભો રહે છે, કોઈની સાથે હળવા ભળવાનું નહી. સમાજમાં આવવા જવાનું નહી. અંજુની સાસુ બહુ જબરી છે. વહુને એક મિનિટ બેસવા નથી દેતી. ઘરમાં આચલી તકલીફ છે, પણ છે ફીકર રમેશને ? લહેરીલાલ થઈને ફરતો હોય છે. આવા કેટલાંય સ્ટેટમેન્ટ આપણે આપણી આજુ બાજુના લોકો માટે રોજ કરતાં હોઈએ છીએ કારણકે આપણી દ્રષ્ટિ સામેવાળાની ફકત એક જ બાજુ જુએ છે. પ્રવીણ દુકાને ચાલીને જાય છે. કારણ કે એને તબિયત માટે જરૂરી લાગે છે અને વચ્ચે મળતાં લોકોને જોવાનું જાણવાનું ગમે છે અને એના સઘર્ષભર્યા જીવનની યાદો વાગોળવી ગમે છે. ઘરની ગાડી સગવડ માટે વાપરવી છે.પણ સ્ટેટસમાં બંધાવું એને નથી ગમતું, અને ચાલીને જવા કે બસમાં જવાની કંજુસ કહેવાઈશ એની એને ફીકર નથી કારણ કે લાખો રૂપિયાનું ગુપ્તદાન કરતાં એને લોકોની દ્રષ્ટિની પડી નથી. રાકેશને પોતાના અંગત મિત્રો કે અંગત સગાસંબંધીને સાથે ગમે છે. ટોળામાં ફકત હા હી હી કરતાં અને કહેવાતા મિત્રો કે સગાઓ સાથે એને મળવાનું નથી ગમતું. સમાજમાં કેમ છો ? સારું છે ની ફોર્માલીટી એને નથી ફાવતી. અંજુની સાસુ અંજુના છોકરાને સંભાળીને અને બહાર જતાં, નવું શીખવા, જીવનમાં આગળ વધવા પ્રેરણા આપે છે. પોતે બાળકની તેમજ ઘરની જવાબદારી સંભાળે છે છતાં જબરા કહેવાતા હોય તો એમને વાંધો નથી. બંધબારણે તકલીફોને માટે આંસુ વહાવી ધંધાના નુકશાનને અને જુવાન છોકરાના મોતને ભુલાવી લોકોની સામે હસતાં હસતાં જીવે છે એમાં રમેશને લહેરીલાલ કહેતાં લોકોને શું કહેવું

જુદા જુદા લોકો એક જ વસ્તુને અલગ અલગ રીતે જોતાં હોય છે. કોકને ગ્લાસ અડધો ખાલી લાગે કોકને અડધો ભરેલો લાગે. ગ્લાસ એજ અડધો છે. પુરુષ એક જ છે છતાં માની દ્રષ્ટિ એને છોકરાં તરીકે મુલવે છે અને પત્ની અને પતિની દ્રષ્ટિએ. એમાંજ બીચારો પુરુષ ખેંચાઈ જાય છે. સ્ત્રીનું પણ એવું જ, બાળકોની માતા, પતિની પત્ની અને સાસુની વહુ. જીવનની વિવિધ પરિસ્થિતીમાં પણ લોકોની વિચારવાની રીતો અલગ અલગ હોય છે. કોક લોકો મુશ્કેલીથી ડરીને પાછા પડી જાય છે અને પોતાના નસીબને કોસે છે. જયારે બીજા એ જ મુશ્કેલીનો સામનો કરીને વિજય બને છે. અને નસીબદાર નીવડે છે. કેટલાંક લોકો અચાનક આવી પડેલ હ્રદયરોગના હુમલાને ચેતવણી સમજીને સાચવીને વધુ આનંદ અને ઉત્સાહપુર્વક જીવે છે અને કેટલાંક ‘હવે તો હું કાચનું વાસણ’ કરીને જીવવાનો બધો આનંદ ગુમાવી બેસે છે. ધર્મની બાબતમાં પણ કેટલાંક લોકો ચુસ્ત રીતે એક જ ધર્મને વળગીને બેસી રહે છે. જયારે કેટલાક જગતના બને એટલાં ધર્મનો, સંસ્કૃતિનો અભ્યાસ કરીને દરેકમાંથી કંઈકને કંઈક મેળવે છે. ઘણા લોકો જીવનની એક જ ઘરેડમાં જીવે છે. એમને જીવનના અંત સુધી એજ સલામત જીવનની અપેક્ષા

*હોય છે તો ઘણા જીવનમાં સતત પરિવર્તન ઈચ્છે છે. કેટલાંક વર્ષોથી ચાલી આવતી પરંપરાઓ રીતરીવાજો, સામાજીક નિયમો કે મંડળોના પ્રોટોકોલને પકડી રાખે છે. જયારે કેટલાંક આ બધામાં જમાનાને અનુરૂપ ફેરફારો કરે છે અને કરાવે છે. જે કાલે સાચું હતું એ જ આજે પણ સાચું જ હોય એવું માનવાને કોઈ કારણ નથી. આ પૃથ્વી ઉપર સનાતન ફકત ઈશ્વર છે. બાકી કુદરત પણ બદલાતી રહે છે તો માનવીનું શું ગજું. પણ કેટલાંક માનવી પરિવર્તનથી ગભરાય છે. ઘોડાને જે રીતે આંખે કવર રાખીને ફકત એક જ દિશામાં જોવાની ફરજ પાડીએ છીએ એમ કેટલાંક મનુષ્ય જાતે જ આવા પાટા પહેરી લે છે અને એક જ દિશામાં વિચાર કરે છે. હા સફળ મનુષ્ય અને નિષ્ફળ મનુષ્યની એક જ પરિસ્થિતીને જોવાની દ્રષ્ટિ અલગ અલગ હોઈ શકે પણ બંન્ને પરિસ્થિતીમાં બંન્ને જણાને શોધવાની તક મળે જ છે. જોકે ઘણા સફળ મનુષ્ય પોતાની જાતને એટલાં મહાન સમજવા લાગે છે કે બીજા મનુષ્ય તેઓને તુચ્છ લાગવા માંડે છે. આટલી ઉંચાઈ પણ સારી નહી કારણ કે પર્વતની ટોચ ઉપર હંમેશા માનવી એકલો જ હોય છે.*

*માનવીને જરૂર છે દરેક પરિસ્થિતીને બીજાની દ્રષ્ટિએ મુલવવાની. દરેક એંગલથી એને જોઈને સમજવાની. ખુલ્લા મનથી વિચાર કરવાની, દરેક બાબતમાં પોઝીટીવ થીંકીંગની અને આ માટે જરૂરી છે ખુબ વાચંવાની અથવા ખુબ ફરવાની અને વિચારવાની. પુસ્તકો આપણને ઘેર બેઠાં દેશ વિદેશની સફર કરાવે છે. દુનિયાના વિવિધ માણસો, એના રીતરીવાજોની, એની સંસ્કૃતિ, એમના સમાજની, એમના ધર્મની વિવિધ વાતો આપણને સમજાવે છે. આપણી સંસ્કૃતિ, સમાજ અને ધર્મ સારો જ છે કે ખરાબ જ છે એ ગ્રંથિ કાઢીને ખુલ્લા મનથી દરેકનો અભ્યાસ કરીએ તો શીખવા જેટલી કેટલીયે બાબતો મળી રહે. આપણા વિચારોને નવી દીશા મળે અને નવી ઉંચાઈ મળે. બાકી જન્મ સમયે આવનારા મૃત્યુનો વિચાર કરીને દુખી થનાર પણ છે અને મૃત્યુને નવા જીવનની શકયતારૂપે જોતાં મનુષ્યો પણ છે. માનવી એ જ છે ફકત એન જોવાની દ્રષ્ટિ બદલવાની જરૂર છે.*

**- નિખિલ પરીખ**

✣ ✣ ✣ ✣ ✣

# શ્રી બાલાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ



*બાલાસિનોર મેડીકલ સેન્ટરનાં ફ્રી કીડની કેમ્પના આયોજન વખતે ડાબેથી શ્રી રસીકભાઈ લાકડાંવાળા, શ્રી યોગેશ ધારીઆ, મુખ્ય મહેમાન શ્રી નગીનભાઈ પારેખ, શ્રી પંકજ ધારીઆ અને શ્રી દક્ષેષ કડકીઆ*

બાલાસિનોર મેડીકલ સેન્ટરે બોમ્બે સી વોર્ડ મેડીકલ એસોસીએશનનાં સંકલનમાં ડો. એસ.એસ. માવલણકર, ડૉ. અજય ગણાત્રા, ડૉ. સી.એમ. ઝવેરી અને ડૉ. રૂપાણીના સહયોગથી એક ફ્રી પેડીઆટ્રીક કેમ્પનું આયોજન તા. ૨૯.૧.૦૭ થી તા. ૩.૨.૨૦૦૭ સુધી બાઈ કબીબાઈ સ્કુલ (વી.ટી. સ્ટેશન પાસે) કરેલ.

અહી શિક્ષણ પ્રાપ્ત કરતા, આર્થીક સ્તરે નબળાં ૨૨૮ વિદ્યાર્થીઓની લોહીની તપાસ નિદાન અને જનરલ મેડીકલ ચેક અપ કરવામાં આવેલ.

શ્રીમતી કીન્નરીબેન સેવક, શ્રી પંકજ ધારીઆ (લાલખાં), શ્રી શરદભાઈ દેસાઈએ જાતે હાજરી આપેલ.

આ બધા વિદ્યાર્થીઓના કોમ્પ્યુટેરાઈઝડ રીપોર્ટ કાઢવામાં શ્રી દક્ષેશભાઈ કડકીઆના ખાસ મિત્ર ડૉ. અરવીંદભાઈ જોશી એમ.ડી. પેથોલોજીસ્ટે ઉમદા ફાળો આપેલ

શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ

ટ્રસ્ટ સંચાલીત બાલાસિનોર મેડીકલ સેન્ટરના ઉપક્રમે તા. ૪.૨.૨૦૦૭ના રોજ ''ફ્રી કીડની કેમ્પ'' નું આયોજન પ્રેમપુરી આશ્રમ ખાતે કરવામાં આવેલ. શ્રી નગીનદાસ લાલચંદ પારેખ તરફથી સ્પોન્સર થયેલ આ કેમ્પમાં તેમના તરફથી રૂા. ૪૦૦૦૦/- નું માતબર દાન મળેલ અને 'મુંબઈ સમાચાર' તથા 'ગુજરાત સમાચાર' મા અપાયેલ કેમ્પ બદલની જાહેરાતનો ખર્ચ શ્રી નગીનદાસભાઈએ જાતે કરેલ.

બાલાસિનોરવાસી જનતાએ બહોળી સંખ્યામાં હાજર રહી કેમ્પને સફળ બનાવેલ. ઈન્ડીઅન રીનલ ફાન્ઉડેશનના મિ. રવિ અને મિ. હીરેન અમદાવદથી ખાસ આવેલ. તેઓએ 'સ્લાઈડ શો' દ્વારા કીડની, તેના બગડવાના કારણો, પથરી થવાના કારણો, કીડની બગડે તો શું ઉપાય અને ન બગડે તે માટે શું સાવધાની રાખવી તે વિગતથી જણાવેલ અને સવાલોના જવાબ પણ આપેલ.

ડૉ. હેમલ શાહ જેઓ કીડની રોગના નિષ્ણાંત છે તેઓ આ કેમ્પમાં ડૉ. અક્ષય સેવકના આમંત્રણને માન આપી ખાસ આવેલ અને કીડની વિષય પર વિગતવાર તલસ્પર્શી પ્રવચન આપેલ.

મુખ્ય દાતાશ્રી નગરીનદાસભાઈનું સ્વાગત સન્માન મોમેન્ટો દ્વારા શ્રી યોગેશભાઈ ધારીઆએ કરેલ. જ્યારે શ્રી નગીનદાસની જીવન ઝરમરની એક ઝાંખી મેડીકલ સેન્ટરના સંયોજક શ્રી રસીકભાઈ લાકડાવાલાએ આપેલ.

ખાસ આમંત્રણને માન આપી આવેલ મહેમાનોનું સ્વાગત સન્માન શ્રી પંકજભાઈ ધારીઆ, શ્રી દક્ષેશભાઈ કડકીઆ, શ્રી સોહિણીબેન કડકીઆ, શ્રી કીર્તિભાઈ દેસાઈ (દેડકી) અને ડૉ. અક્ષય સેવક મારફતે કરવામાં આવેલ. આખા પ્રસંગનું સંચાલન કીન્નીરબહેન સેવકે બહુ જ ખંતથી કુશળતાપૂર્વક કરેલ. આજના કેમ્પમાં ૨૬૬ ભાઈ બહેનોએ ભાગ લીધેલ. રજી સ્ટ્રેશન વખતે ભરે રૂા. ૫૦/- દરેકને પાછા આપવામાં આવેલ.

દરેક જણનું વજન, બ્લડ પ્રેશર નર્સિસ દ્વારા લઈ નીચેના બ્લડ ટેસ્ટ કરવામાં આવેલ. (૧) રેન્ડમ બલ્ડ સુગર (૨) BUN (૩) S. Creatnine (૪) S. Uric Acid (૫) S. Cholestrol અને (૬) S. Triglyceride આ કેમ્પને સફળ બનાવવામાં ડૉ. અક્ષય સેવક અને કીન્નરીબહેને સમયનો સારો ભોગ આપ્યો. જે બદલ અમો તેમના આભારી છીએ. બોરીવલીથી ખાસ આવેલ ડૉ. રજત મોદી અને ડૉ. દક્ષાબેન મોદીને કેમ ભૂલાય. ડૉ. રાજીવ પરીખ (સરકાર) પણ ખાસ હાજર રહેલ.

શ્રી શરદભાઈ દેસાઈ, શ્રી સતીષભાઈ પરીખ, શ્રી નવીનભાઈ શાહ, કુ. ખ્યાતી કડકીયા, શ્રી કીર્તિભાઈ દેડકી તેમજ સેન્ટરના સ્ટાફે કેમ્પના સંચાલનના વિવિધ સ્તરે સુંદર કામગીરી બજાવેલ. કેમ્પમાં બધાને ચા-કૉફી, પાર્લે ગ્લુકોઝ બીસ્કીટ પણ આપવામાં આવેલ.

✤ ✤ ✤ ✤ ✤

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

તા. ૧૪.૨.૨૦૦૭ ના રોજ કારોબારીની મીટીંગ વખતે ''કેમ્પ''નો સવીસ્તર અહેવાલ રજુ કરવામાં આવેલ.બે કેમ્પમાં મળી રૂ. ૬૬૦૦૦,નો ખર્ચ કરેલ. કારોબારીમાં ટહેલ નાંખવામાં આવેલ કે કેમ્પના ખર્ચ નો કોઈ બોજો મંડળ ઉપર નાંખવાની ઈચ્છા નથી અને તે વખતે કારોબારીના ૧૩ સભ્યોએ દરેક રૂ.૨૦૦૦,લેખે વોલીંટરી રીતે આપ્યા.

કારોબારીની આ મીટીંગમાં એક ખાસ અગત્યની જાહેરાત કરવામાં આવી છેકે જે ભાઈ બહેનોએ કેમ્પમાં ભાગ લીધો છે તેઓ તેમનો યુરીન ટેસ્ટ વીના મુલ્યે આપણા મેડીકલ સેન્ટરમાં તા.૩૧.૩.૨૦૦૭ સુધીમાં કરાવીલે.

તમારા તરફથી મળેલ પ્રોત્સાહન અમને આગળ વધુ લોકોપયોગી કેમ્પ યોજવાનું ઈંધન પુરૂં પાડયું છે.

*લિ. પંકજ ધારીઆ. દક્ષેશ કડકીયા*
*મંત્રી*

## BALASINOR MEDICAL CENTER

**Shree Vadasinor Dashanima Navyuvak Mandal Medical Trust**
**8/9,Mehta House, 2nd floor,pandita Rarmabai Ranade Road, Mumbai-400 007.**

The committee of V.D.N.M. MedicalTrust has undertaken a survery to be conducted by INSIGHT IMAGING CENTER under supervision of DR.akshay Sevak. 1000 patients will undergo C.T.Coronary Angigraphy ar a subsidized rate of Rs.6500/-within next two months (i.e.till 30th April,2007)

this survey has been undertaken to correlate patients C.T.Coronary Angiography findingsto their adverse medical history, lipid profile, diabetes &hypertension.

All that you need to do is fill up the required from in detail and register your name with Mrs.Kinnari Sevak, Hon. Administrator at V.D.N.M.Medical Center. On the day of appointment you are required to carry only signed and filled survey from and old medical reports,( You are expected to come with minimum three hours fasting and report of NORMAL Serum Creatinine).

this investigation is advisable in following conditions:

(1) Family history of heart disease in young age i,e. in40's & 50's age group.

(2) persons having diabetes,blood pressure, elevated cholesterol, obesity, current or prior usage of tobacco in any from.

(3) As a follow check in patient who have undergone Bypass surgery or angioplasty with or without stent placement.

P.S:- Kindly note while doing C.T. Coronary Angiography in the same C.T. we can screen both carotides & brain at discounted rate.

With warm regards,

***Dr.Akshay D.Sevak***
***Mrs. Kinnary Sevak***
***Shri Rasikbhai Lakdawala (superitendent)***
***Mr.Pankaj Dharia - Mr. Dakshesh kadakia - Hon. secretary***

# મારે પણ એક ''સ્વપ્ન ઘર'' જોઈએ છીએ

દરેક વ્યક્તિ પોતાના કુટુંબ સાથે સુખરૂપ રહે એવી મહેચ્છા રાખતું હોય છે. મુંબઈ શહેર, બાલાસિનોર ગામ અથવા ગુજરાત કે ભારતનાં કોઈપણ ખુણામાં રહેતાં પરિવારની એક જ ઈચ્છા હોય છે ''સ્વપ્ન ઘર''

સ્વપ્ન ઘરનાં કદાચ ઘણાં લોકો ઘણાં બધા અર્થ કાઢી શકશે જેમકે ચાર બેડરૂમનો ફ્લેટ, ખુણામાં એક રસોડું , સરવન્ટ બાથરૂમ, હોલ, મંદીર અને મા-બાપ, દીકરા-દીકરીને અલગ અલગ બેડરૂમ.

અથવા એક આલીશાન બંગલો, આજુબાજુ કમ્પાઉન્ડ વોલ, બાગબગીચો, ફુવારો, ત્રણ ચાર મોટી મોટી ગાડી, નોકર - ચાકર, રસોઈયો વગેરે વગેરે

અથવા એક સરસ મજાની રૂમ, જેમાં એક બેડ, એક વાંચવાની ટેબલ ખુરશી, એક ટી.વી. અને બીજી રૂમ જેમાં ફક્ત રસોઈઘર, સંડાસ, બાથરૂમ બધુ બહાર ચાલીમાં.

અથવા નાનકડું બે બેડરૂમ કીચનનું ઘર જેમાં એક રૂમમાં મા-બાપ, બીજી રૂમમાં દીકરો-દીકરી અને ટી.વી. વગેરે હોલમાં એટેચ સંડાસ બાથરૂમ વગેરે.

તમે બધા વિચાર કરીલો કે આમાથી તમને શું પસંદ છે ?

ઘણાંબધાં પોતપોતાની ચોઈસ ઉપર મુજબ શોધી લેશે.

પણ........ મારે પણ એક સ્વપ્ન ઘર જોઈએ છીએ. જેનું વિવરણ કદાચ આ પ્રમાણે હોઈ શકે.

પિતાશ્રી તરફથી મળતા આર્શીવચન અને સારૂ માર્ગદર્શન, માતુશ્રી તરફથી મળતુ વ્હાલ અને સંસ્કાર, પત્ની તરફથી મળતો સાથ, સંગાથ અને પ્યાર અને પુત્રી - પુત્ર તરફથી મળતો આચાર વિચારનો ઈતિહાસ.

મારા જીવનમાં મેં ઘણા વર્ષો સુધી પિતાશ્રીની સાથે રહીને કાઠયા. એમના તરફથી મળેલું માર્ગદર્શન અને એમનાં તરફથી મળેલા આર્શીવચનથી આજે એક સુખી જીવનનાં પગલે ઉભો છું હું.

માતુશ્રીના સંસ્કાર કદાજ થોડા સારા અર્થમાં અને થોડા ખોટા અર્થમાં અને તેમના તરફથી મળેલો વ્હાલ આજે પણ મને ખરૂ ખોટુ કે સાચુ જુઠુ કરવાની સમજણ આપી જાય છે.

પત્ની તરફથી મળેલો પ્રેમ અને સાથ સંગાથ જીવનના દરેકે દરેક તબક્કે આગળ વધવાની ધગશ પેદા કરવા છે અને હિંમત વધારે છે.

પુત્ર અને પુત્રી તરફથી મળેલા આચાર વિચારનો ઈતિહાસ દુનિયામાં શું ચાલી રહ્યું છે અને કદાચ આપણી રહેણી કરણી માટે સૌથી વધારે જવાબદાર છે. તેમના તરફથી મળતો આજનાં જમાનાનો વર્તાવ અને આવતાં વર્ષનો પડછાયો બન્ને જોઈ શકું છું હું.

આ બધું જો દરેકને મળે તો ઘર ગમે ત્યાં હોય ઘર એ ''સ્વપ્ન ઘર'' જ લાગશે.

## કાનો મારો આવ્યો

આજ સવારે મારે ઘરે કાનો મારો આવ્યો
સાથે રાધાને તે લાવ્યો
મેં તો વધાવ્યો એને ફૂલની માળાથી આજ...
મેં તો દર્શન એના કીંધા મુરલી વગાડતાં આજ...
મેં તો જશોદાને દીઠી માખણ મીસરી આપતા (ખવડાવતાં) આજ...
મેં તો રાધાને દીઠી રાસ સાથે રમતાં આજ...
મેં તો કાનાને દીઠો ગૌઆ ચરાવતાં આજ...

*- દક્ષેશ દેસાઈ*

# જિંદગી : સમય અને સંસાર સાથેનો પ્રેમનો કજિયો

લાંબે ગાળે મળેલા મિત્રો કહે છે : ''હવે તો તું 'સેટ' થઈ ગયો છે!'' પ્રવીણ કહે છે : ''કારણ કે મેં એક ફ્લેટ વેચાતો લીધો છે.... થોડું ફર્નિચર વસાવ્યું છે. એક પત્ની વસાવી છે..... અને બેન્કમાં કાયમી પોસ્ટ પર નોકરી મેળવી છે.'' આ થોડા ફર્નિચરની સાથે ખરીદેલા ફ્લેટમાં એક નોકરી અને એક છોકરીને (પત્નીને) મેળવીને પ્રવીણભાઈ પોતે મનથી જાતે 'સેટ' છે કે 'અપસેટ' છે તે તો એનો માંહ્યો જ જાણતો હોય.

આવડું મોટું વિશ્વ... એ વિશ્વનું મહાનગર મુંબઈ. એ મુંબઈમાં એકદમ નાનકડું પરું... વિરારથી લઈને દહીંસર સુધીનાં પરાંઓમાંને એક પરામાં અથવા તો ચાલો, બોરીવલીમાં કે બીજે કશેક ઠેકાણે, સ્ટેશનથી ખૂબ જ દૂર એવા ઉજ્જડ એરિયામાં એક વન રૂમ કિચનના ફ્લેટના રસોડામાં ગરમીમાં ને અંધારામાં પ્રવીણભાઈની પત્ની રાજીની રેડ થઈ જતી હોય : હાશ, કેટકેટલાં વર્ષ પછી ગંધાતી ચાલમાંથી છુટકારો મળ્યો! પત્નીનો આ રાજીપો ખરો છે કે ખોટો? માત્ર મનને સમજાવવા માટેનો છે? મનમાં તો એની કૉલેજની જૂની મિત્ર જે વાલકેશ્વરમાં આલિશાન બંગલામાં રહે છે, એની સાથે અનાયાસે પોતાના ઘરની ને પોતાની જિંદગીની ઘણીવાર સરખામણી થઈ જાય છે. બીજી બાજુ પેલી વાલકેશ્વરમાં રહેતી પ્રવીણભાઈની પત્નીની મિત્ર મનમાં ને મનમાં મૂંઝાતી હોય છે, કેમકે દુનિયાની દૃષ્ટિએ એની પાસે શું નથી? આટલો મોટો બંગલો, આધુનિક ફર્નિચર, પાંચ-સાત ગાડી, ચાર-છ નોકર-ચાકર, ફાર્મમાં, કલબમાં હરવું-ફરવું..... શું નથી? પોતાના ઘરમાં વિડિયો સેટ છે, ટી.વી. સેટ છે, રેડિયો સેટ છે, ટી સેટ છે, સોફાસેટ છે, તેમ છતાંય માંહ્યલું મન જ ભલા કેમ 'અપસેટ' છે? એક બાજુ વિરારમાં વસતી કે માત્ર શ્વસતી સામાન્ય ગૃહિણીને મનથી ચેન નથી. જંપ નથી, તો બીજી તરફ વાલકેશ્વરમાં બંગાલામાં મહાલતી મૉડર્ન મહિલા પણ સુખી નથી. બંને સ્ત્રીની મૂંઝવતી માનસિક સ્થિતિનું કારણ તેમના પતિઓ છે કે પૈસો છે કે ખૂબ જ ઝડપી શહેરનું જીવન છે?

આ પ્રવીણભાઈ..... કવિ પ્રવીણ રાઠોડ જેવા કેટલાય માણસો ઈચ્છાએ કે અનિચ્છાએ મશીનની જેમ જીવતા હોય છે. કવિ પ્રવીણના દામ્પત્યજીવનની કવિતામાં જરા ઊડતી નજર કરી લઈએ. તેઓ કહે છે :

***''વહેલી સવારે ઉતાવળથી વંચાતા... અખબારની***
***જેમ જ .... ઊડતી નજરે.... જોઉં લઉં છું... પત્નીને''***

એક પુરુષને પૈસો કમાવો છે એ જીવન-જરૂરિયાત છે, માટે વહેલી સવારે ભાગે છે. બીજા પુરુષને પૈસા કમાવવાનો નશો છે, માટે મોટરગાડીમાં દોડે છે. બધી જગ્યાએ ભાગદોડ છે. નિરાંતે જીવે, ટાઢે કોઠે પતિ-પત્નિને અરસપરસ પ્રેમ કરવાનો સમય જ ક્યાં છે? પ્રવીણભાઈ જેવાની તો પત્ની પણ નોકરી કરતી હોય. ઘરમાં પતિનો 'Ego' ભાગદોડને લીધે સંતોષી ન શકતી હોય, પરંતુ ઑફિસમાં બબૂચક જેવા 'બૉસ'નો 'Ego' સંતોષવો પડતો હોય, ભલે મજબૂરીથી.... પતિ પણ આ વાત સારી રીતે સમજીને ચલાવી લેતો હોય. બાપડો કરે શું?..... હાં, તો આપણે વાત કરતાં હતાં.... અખબારની અને પત્નીની... પેપર અને પત્ની.... પેપર દસ-વીસ મિનિટમાં કે સમજો અર્ધા કલાકમાં વાંચી શકાય છે. પણ પત્નીને? પત્નીને વાંચતા-વાચંતા તો આખો

જન્મારો જતો રહે છે અથવા ઓછો પડે છે. પેપરની જેમ પત્નીને કાંઈ આટલી ઝડપથી થોડી વાંચી શકાય કે સમજી શકાય છે? વળી આજનું પેપર તો વાસી થતાં બીજા દિવસે કશા કામનું રહેતું નથી. જ્યારે પત્ની? પત્ની તો જેમ જૂની થાય છે તેમજ તેની કિંમત થાય છે, એનું મૂલ્ય સમજાય છે. મદિરા, મિત્ર અને પત્ની એ જેટલાં જૂની હોય એટલાં વધુ ને વધુ મૂલ્યવાન સાબિત થાય છે. જૂની પત્નીના સંદર્ભમાં જરા એક વાત.... ડિટેક્ટિવ વાર્તાલેખિકા આગાથા ક્રિસ્ટીએ પોતાના ભૂસ્તરશાસ્ત્રી આર્કિઓલોજિસ્ટ પતિ મેક્સ મેલોવન સાથે ૪૫ વર્ષનું સુખી લગ્નજીવન ગુજાર્યું..... આગાથા ક્રિસ્ટીનો અભિપ્રાય હતો કે...'કોઈ પણ સ્ત્રી માટે આર્કિઓલોજિસ્ટ શ્રેષ્ઠ પતિ છે! પત્નિ જેમ-જેમ જૂની થતી જાય છે એમ એને વધારે રસ પડતો જાય છે.' (એક જ પત્ની કે પતિની સાથે ૨૫-૫૦ વર્ષ કાઢવાં એ ખાવાના ખેલ નથી. ખરેખર એવા દંપતીઓને ઍવૉર્ડ આપવા જોઈએ.) માત્ર આર્કિઓલોજિસ્ટ પતિ માટે જ નહીં, પરંતુ ઘણાખરા પતિઓને માટે જૂની ને જાણીતી પત્ની આશીર્વાદ સમાન સાબિત થાય છે.

પેરિસમાં એક પ્રખ્યાત લેખિકા કોલેટ કે જેમણે દુ:ખ અને દર્દની કરુણને દયાજનક સ્થિતિમાં બહુ સુંદર લેખનકાર્ય કર્યું છે. આટલી ઉચ્ચ કક્ષાની લેખિકાની માનસિક સ્થિતિ કેટલી કરુણાર્દ્ર છે! કહે છે : ''મારે મારું ઘર ક્યાં શોધવું? મારું ઘર ક્યાં છે? મારી અંદર જ મારી યાતનાઓના પોપડા હું ખોદું છું અને આ અસહ્ય યાતનાઓની વચ્ચે ક્યાંક ગુફા બનાવું છું.''

કોલેટ પચાસ વર્ષની ઉંમરે જે પુરુષને પરણી તેણે પોતાની આ પત્નીને શ્રેષ્ઠ અંજલિ આપી છે.

કોલેટના અવસાન પછી તેના પતિએ કહ્યું : ''કોલેટ સાથે ત્રીસ વર્ષ હું જાણે પરીઓની દુનિયામાં જ રહ્યો છું.''

કોલેટની કેટલી સમજદાર સ્ત્રી, પત્ની હોય છે! દરેક પત્ની - એ પછી એ વિરારની હોય કે વાલકેશ્વરની હોય, કોલેટની આ વાતનો સમજીને સ્વીકાર કરે તો પતિને મન તે માદક, ઉત્તેજક, ટેન્શનમાથી રીલિફ આપે એવી, જૂની મદિરા જેવી મૂલ્યવાન બની રહે છે.

કોલેટની વાત સાચી છે : ''માણસની જિંદગી સમય અને સંસાર સાથેનો લાંબો કજિયો છે. ઝઘડો તો છે, પણ તેને પ્રેમનો ઝઘડો બનાવ્યા વિના છૂટકો નથી.''

*- સંકલન*


## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
### આયોજીત
## ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત

ઇન્ટરનેટ, ઇમેઇલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઇ પણ ખુણે કોઇનો પણ સંપર્ક થઇ શકે છે અને દુનિયાની કોઇપણ ક્ષેત્રની કોઇપણ માહીતી ઇન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઇ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઇ બાધ નથી. મોટી ઉંમરના વડીલો જો ઓ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર, પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.

શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઇ પણ ફી વગર અને કોઇપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઇ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.

**Only for Ladies :**
**Every Thursday 3 to 5 p.m.**
**By Appointment**

વધુ વિગત માટે સંપર્ક કરો.

**મંજુલ શૈલેષ ધારીઆ**

✆ : ૨૪૯૩૩૬૧૮ • ૬૫૮૦૨૪૪૧
૯૮૨૦૧૩૫૦૧૪

# ઓ...... જીવ

આપણો છે આ દેહ, કોઈ પરાયું ગામ નથી
સાધુ જીવન જીવવું, એ કોઈ નાનું -સુનું કામ નથી
તપ કરો, જપ કરો, ઓ જીવ પામો જ્ઞાન અપાર
તેજસ્વી એક જ તારો ધ્રુવનો, પામો બીજું કોઈ નામ નથી

ચિરાગ મટી ઓ જીવ તમે નીકળ્યાં સૂરજ બનવાને
આથમજો જરૂર, પણ નવું કિરણ લાવવાને
મોહ, માયા ચોમેર સાચું જીવન જનને ના કળે
પ્રકાશ એવો પાથરજો કે' સહુને મારગ મળે

જ્ઞાનની ચાદર ઓ જીવ તમે એવી ઓઢજો
અહંકારી ના થઈ જવાય જરા.... સંભાળજો
સમાજ સાવ અજ્ઞાની એને સાચી દિશામાં વાળજો
સત્યુ શું? એ જાણજો' ને એ વાતને મમળાવજો

છોડો સંસારનો રાત્ર
ને છોડો ભક્તિનો રાગ
ઓ જીવ ત્યારે.... ત્યારે જ
આવશે.... સાચો વૈરાગ

કઈ શિક્ષા, કઈ પરીક્ષા એ જાણતાં થાશો
તો જ ઓ જીવ મોક્ષના મારગ પર દોડતાં થાશો

સંસાર રૂપી પાટી પર
ગુંટેલા દરેકે દરેક શબ્દને ભૂંસીને
સાવ કોરી કરી પાટી પર
હવે ફરી એક જ શબ્દ ગુંટવાનો છે 'ૐ'

ભવ સાગર તરવાને આ એક જ શબ્દ કાફી છે
ત્રિલોકના દર્શન કરવાને આ એક જ ફાકી છે
જીવન છે એનું મ્હાયું તો નક્કી જ છે
બસ મૃત્યુ સુધી હવે આ એક શબ્દ ગુંટવાને બાકી છે 'ૐ'

રંગીન કપડાં ત્યાજી
સફેદ વસ્ત્રો ધારણ કરનાર
ઓ... જીવ ધ્યાન રાખજો
આમાં તો નાનામાં નાનો દાગ પણ દેખાય આવશે
પછી.... ત્યારે એમ ના કહેતાં
કે' એમાં શું? દાગ તો ચાંદમાં પણ છે.

કેટલું ગણ ગણ કરીશુ?
શું શું ગણ ગણ કરીશ?
શું તું ખાલી ગણ - ગણ જ કરીશ!!
આ ગણ ગણાટે ઓ..... જીવ તમારી આત્માને ઝંઝોડી હશે
એટલે જ તમે જીંદગીનાં નવા ગણીત માંડયાં;
સરવાળા, બાદબાકી કે ગુણાકારમાં નહીં
ભાગાકારમાં ગણીત માંડયાં
જેમાં વધેલી શેષ એ જ અવશેષ
જે સંપૂર્ણ દેહના બળી ગ્યાં પછી પણ બચે છે 'ૐ'
।। તમસે માં જ્યોર્તિય્ ગમય્ ।।
।। મૃત્યો માં અમૃતમ્ ગમય્ ।।

આકરું છે જીવન સાધુ
તમે જાગતાં રહેજો....
પરાકાષ્ઠાએ પ્હોંચ્યો....
ત્યારે જગાડતાં રહેજો.....

*- ઉપેન કડકીયા 'બાલીશ'*

- જીવનમાં મહત્વ પ્રતિભાવનું છે, પ્રત્યાધાતનું નહીં. પ્રત્યેક ક્ષણને પોતાનું કુંવારૂં સૌદર્ય હોય છે. એ ક્ષણને મન મૂકીને જીવવાની હોય છે. એના આનંદને ઉડાણમાં અનુભવવાનો હોય છે.
- પ્રેમનું આસન શ્રધ્ધા છે, પણ એ શ્રધ્ધાનું સ્થાન જ્યારે શંકા લે ત્યારે પ્રેમ ફૂલ કરતા પણ વહેલો કરમાઈ જાય છે.

૧૯૫૬ - ૨૦૦૬ જ્યોતિ-પુંજ

# MAYONNAISE JAR AND THE COFFEE

When things in your life seem almost too much to handle, when 24 hours in a day are not enough, just remember the mayonnaise jar and the coffee…..

A philosophy professor stood before his class and had some items in front of him. When the class began, wordlessly, he picked up a very large and empty Mayonnaise jar and proceeded to fill it with golf balls. He asked the students if the jar was full. They agreed it was.

So the professor then picked up a box of pebbles and Poured them into the jar. He shook the jar slightly. The pebbles rolled into the open areas between the golf balls. He then asked the students if the jar was full. They agreed it was.

The Professor next picked up a box of sand and poured in into the jar. Of course the sand filled up everything else. He asked once more if the jar was full. The students responded with a unanimous “YES”.

The professor then produced two cups of coffee from under the table and poured the entire contents into the jar, effectively filling the empty space between the sand. The students laughed.

“NOW” said the professor, as the laughter subsided,``I want you to recognize that this jar represents your life. The golf balls are the important things. Your family, your children, your health, your friends and your favorite passions…. Things that is everything else is lost and only they remained, your life would still be full. The pebbles are the other things that matter like your job, your house, and your car. The sand is everything else. The small stuff.

If you put the sand into the jar first, “ he continued, “There is no room for the pebbled or the golf balls. The same goes for life. If you spend all your time and energy on the small stuff, you will never have room for the things that are important to you.

Pay attention to the things that are critical to your happiness. Play with your children, Take time to get a medical checkup. Take your partner out to dinner. Play another 18 holes. There will always be time to clean the house and fix the serene door. Take care of the golf balls first, the things that really matter. Set your priorities. The rest is just sand.

One of the students raised her hand and asked what the coffee represented. The professor smiled. “I’m glad you asked, ‘’ he said.

It just goes to show you that no matter how full your life may seem, there’s always room for a cup of coffee with a friend.

***- Vikas Arvindbhai Kadakia (Dhangella)***

# મા

વેદમંત્રોમાં માતા, પિતા, ગુરુ ને દેવ ગણવામાં આવ્યા છે. એમાં પણ સૌ પ્રથમ ઉલ્લેખ માતાનો કરવામાં આવ્યો છે. તેને અનુસરીને આજે પણ આપણે માતૃદેવો ભવ, એ સૂત્ર ભૂલી શકતા નથી, આ સંસારમાં આપણા સો સગા હશે, પણ એમાનું એક પણ સગું માતાની તોલે આવી શકે નહી.

જગતના અગ્રગણ્ય સ્નેહ સંબંધોમા માતૃપ્રેમનું સ્થાન સર્વોચ્ચ, અનન્ય અને અનોખું સ્થાન ધરાવે છે.

જયારે બાળકનો જન્મ થાય છે, ત્યારે જ એક માતાનો પણ સાથે જન્મ થાય છે. જયારે એક સ્ત્રી બાળકને જન્મ આપે છે ત્યારે સ્ત્રીનું રૂપ માતાનું થઈ જાય છે. બાળક સાથેજ એક માતાનો જન્મ થાય છે. માતા મૃત્યુ પામે છે, પણ માતૃત્વ કદાપિ નહિ. માનું અસ્તિત્વ શાશ્વત છે, કારણકે દરેકના જીવનમાં મા હંમેશા હ્રદયમાં જીવે છે.

માતાનો દરજ્જો જગતમાં સૌથી ઊંચો છે. માતા પોતાના સંતાન માટે બધુંજ કરી છૂટે છે. મા બાળકની સતત સંભાળ રાખએ છે. બાળક પથારી ભીની કરે તો મા ભીનામાં સૂઈ જાય છે, પરંતુ બાળકને તે કોરામા સુવડાવે છે. મા એવું કંઈજ વિચારતી નથી કે તેના સંતાનો ભવિષ્યમા એને કાંઈ આપશે તેવા તેની કોઈ અપેક્ષા હોતી નથી, સંતાનોના ઉત્કર્ષ માટે ત્યાગ કરવો એજ એની મનોકામના છે. એટલે તો લખાયું છે કે, ''પરથમ પરણામ મારા, માતાજી ને કહેજો રે માન્યું જેણે માટીને રતંનજી ભૂખ્યા રહૈ જમાડવા અમને, જાગી ઊઘાડયા એવા. કાયાનાં કીધેલાં જતંનજી !''

મા ની સેવા દરેક તીર્થ સ્થળે જાત્રા કરવા બરાબર છે. તીર્થાટનના પુણ્યથી પણ સવિશેષ પુણ્યો માતાના ચરણોમાં છે. માટેજ એક માતા સો શિક્ષક બરાબર છે.

માં આ એકાક્ષરી શબ્દ, ગર્ભસ્થ બાળકના કાનમાં ઈશ્વરે સંભળાવેલી ગુરૂમંત્ર, માં શબ્દની અનુભૂતિ માટે વિશેષણોનો દરિયો ઠાલવો તોય ઓછો પડે.

મા એ તો ઈશ્વરદત છે. માની મહાનતા, ગરિમા અને ગુણગાયા ગાતા અનેક ગીતો, અનેક ગ્રંથો રચાયા છતાં એમ થાય કે જે કંઈ કહેવું છે એને નખશિખ શબ્દોમાં ઉતારે એવી ભાષી નથી.

ભગવાન સમેં માતા અને માતૃભૂમિનું મહત્વ સમજાવતા લક્ષ્મણને કહયુ હતું :''મને સોનાની નગરી લંકા કરતા અયોધ્યાની ધૂળ વધુ ગમે છે. મને ઈન્દ્રાસન (સ્વર્ગ) ના વૈભવ કરતા માતા કૌશલ્યાનો ખોળો વધુ વહાલો છે.

મા તો દેવી છે, નિઃસ્વાર્થ પ્રેમની મૂર્તિ છે. મા જેવું કોઈ નથી અનેક કવિઓએ લખ્યું છે માના વિષે.

દુનિયામાં સર્વસ્વ સોનું, ચાંદી, હીરો, મોતી, કે કોઈ પણ કિંમતી વસ્તુ માતૃપ્રેમની સામે કંઈજ નથી.

*- દિવ્યા દેસાઈ (કલકતા)*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

- ચિ. પ્રીયંકાના શુભ લગ્ન પ્રસંગે શ્રી રાજેશ બાબુલાલ ધારીઆ (સુમનબેન નાસીકવાળા) તરફથી રૂ. ૧૧,૦૦૦/- ના માતબર દાનનું વચન મળેલ છે.

- ચિ. નીમીષના શુભ લગ્ન પ્રસંગે ચી. રાજેશ નટવરલાલ કડકીઆ (નચૂક) તરફથી રૂા. ૨૨,૦૦૦/-નું દાન મળેલ છે.

- ચિ. નિકેતના શુભ લગ્ન પ્રસંગે શ્રી જયંતકુમાર ચીમનલાલ પરીખ તરફથી રૂા. ૧૧,૦૦૦/- નું માતબર દાન સંસ્થાને મળેલ છે.

સંસ્થા ઉપરોક્ત દાતાઓનો તથા તેમના કુટુંબીજનોનો હાર્દિક આભાર માને છે.

*મંત્રી : શ્રી પ્રદીપ કડકીઆ*

# રસ્તો કયાંય જતો નથી !!!

એકવાર એક નગરના રાજા અને તેમના પ્રધાન શિકાર કરવા ગયા. જંગલમાં ખુબ આગળ નીકળી જતા રસ્તો ભુલીગયા, આગળ જંગલમાં એક વૃધ્ધ માં લાકડા કાપતા હતા. રાજાએ માને પુછયુ અમે જંગલમાં ભુલા પડયા છીએ. આ રસ્તો કયાં જાય છે તે કહેશો. માં એ કહ્યું રસ્તો કયાય જતો નથી. એટલુ કહીને માં લાકડા કાપવા લાગ્યા. રાજાએ કહ્યું, અમે મુસાફરો છીએ રસ્તોકયાં જાય છે તે જણાવશો. માએ કહ્યું ખોટીવાત.

મુસાફરો તો માત્ર સુર્ય અને ચન્દ્ર છે.
તમે શેના મુસાફરો !

રાજાએ કહ્યું અમે અતીથી છીએ રસ્તો.....
માં એ કહ્યું.....

અતીથી તો માત્ર ધન અને યૌવન છે
તમે શેના અતિથી !

રાજાએ ગુસ્સે થઈને કહ્યું અમે નગરના રાજા છીએ .રસ્તો...
માં એ કહ્યું....

રાજા તે માત્ર ઈન્દ્ર અને યમરાજ છે.
તમે શેના રાજા !

રાજા એ કહ્યું અમે સહનશીલ છીએ, રસ્તો...
માં એ કહ્યું.....

સહનશીલ તો માત્ર પૃથ્વી અને સ્ત્રી છે
તમે શેના સહનશીલ

રાજા એ કહ્યું અમે સાધુ છીએ રસ્તો...
માં એ કહ્યું.....

સાધુ તો માત્ર શની અને સંતોષ છે.

અમે પરદેશી છીએ રસ્તો...
માએ કહ્યું

પરદેશી તો માત્ર જીવ અને પાંદડુ છે.
તમે શેના પરદેશી !

અમે ગરીબ છીએ રસ્તો...
માં એ કહ્યું.....

ગરીબતો માત્ર દીકરી અને ગાય છે.
તમે શેના ગરીબ !

રાજા એ કહ્યું અમે હોંશીયાર છીએ, રસ્તો....
માં એ કહ્યું ખોટી વાત.

હોંશિયાર તો માત્ર અન્ન અને પાણી છે
તમે શાના હોંશિયાર

રાજાએ કહયુ માં અમે તમારા બાળકો છીએ હવે તો રસ્તો કયાં જાય છે તે જણાવો. ત્યારે મા એ કહ્યું રસ્તો તો કયાંય જતો નથી પણ આ રસ્તા ઉપરથી નગરમાં પહોચી જશો. ત્યારે રાજાએ પ્રધાન ને કહ્યું આવા જંગલમાં પણ માં જેવી હોંશિયાર અને નમ્રતા ક્યાએ આપણામાં આવશે.

*- પરાગ કોઠારી*
*(વડીલો પાસેથી સાંભળેલો પ્રસંગ)*

---

## આવો શ્રી વલ્લભ, આવો શ્રી વિઠ્ઠલ, પડયું તમારું કામે રે

આવો શ્રી વલ્લભ આવો શ્રી વિઠ્ઠલ પડયું તમારું કામ રે
આવો શ્રી વલ્લભ, આવો શ્રી વિઠ્ઠલ, પડયું તમારું કામ રે,
હરતાં ફરતાં હૈયામાં જડીયું શ્રી મહાપ્રભુજીનું નામ રે.
આવો શ્રી વલ્લભ........

સેવાને ધર્મનો ઝંડો ફરકાવીયો, ઝંડો ફરકાવીયો
શ્રી કૃષ્ણ શરણં મમ:, મંત્ર ગજાવીયે, મંત્ર ગજાવીયે
અગ્નિમાં પ્રગટી આપે વસાવ્યું, ચંપારણ્ય યાત્રાનું ધામ રે
હરતાં ફરતા હૈયામાં જડીયું શ્રી મહાપ્રભુજીનું નામ રે
આવો શ્રી વલ્લભ........

ભાગવત ને ગીતાનો સાર સમજાવ્યો, સાર સમજાવ્યો,
પુષ્ટિ માર્ગનો મહિમા વધાર્યો, મહિમા વધાર્યો,
તમ સંગાથે આવી અમારે, કરવા છે યમના પાન રે
હરતાં ફરતાં હૈયામાં જડીયું શ્રી મહાપ્રભુજીનું નામ રે
આવો શ્રી વલ્લભ........

જયશ્રીકૃષ્ણ બોલતાં તે સૌને બોલાવતાં, સૌને બોલાવતાં
જ્ઞાનતણી જ્યોતને હૈયે જગાવતાં હૈયે જગાવતા
શાંતિને ચરણે રાખે શ્રીનાથજી આપો દર્શનના દાનરે
હરતાં ફરતાં હૈયામાં જડીયું શ્રી મહાપ્રભુજીનું નામ રે
આવો શ્રી વલ્લભ........

*- દક્ષેશ દેસાઈ*

૫૦ ૧૯૫૬ - ૨૦૦૬ જ્યોતિ-પુંજ

**(૧) મોહનલાલ લ્લુભાઈ કડકીઆ (મરઘા) સોનોગ્રાફી વિભાગ:** આ વિભાગમાં માહે-એપ્રિલ-૦૬ થી જાન્યુ-૦૭દરમ્યાન કુલ:૧૭૫૪ દર્દીઓએ લાભ લીધેલ છે.

**(૨) શાંતાબેન કાન્તીલાલ લાલચંદ દોશી ઈ.એન.ટી. વિભાગ:** આ વિભાગમાં માહં એપ્રિલ-૦૬થી જાન્યુ-૦૭દરમ્યાન-કુલ-૧૨૨૮ દર્દીઓએ લાભ લીધેલ છે.

**(૩) શ્રીમતી ઈન્દુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) મનોચિકિત્સા વિભાગ:** આ વિભાગમાં માહે એપ્રિલ-૦૬થી જાન્યુ-૦૭ દરમ્યાન કુલ-૯૫૫ દર્દીઓએ લાભ લીધેલ છે.

**(૪) શ્રી મણીલાલ ચંદુલાલ પરીખ એક્ષરે વિભાગ:** આ વિભાગમાં માહે એપ્રિલ-૦૬થી જાન્યુ-૦૭ દરમ્યાન કુલ-૪૫૭૩ દર્દીઓના એક્ષરે પાડવામાં આવેલા તે પૈકી ૯૧ એક્ષરે દાંતના પાડવામાં આવેલ છે.

**(૫) નટવરલાલ ચીમનલાલ પરીખ (રાઠોડીયા) કાર્ડીયોગ્રામ વિભાગ :** આ વિભાગમાં માહે એપ્રિલ-૦૬ થી જાન્યુ-૦૭ દરમ્યાન કુલ-૪૮૭ દર્દીઓએ લાભ લીધેલો છે.

**(૬) શાંતાબેન કંચનલાલ છોટાલાલ ગાંધી ઉલડ બાયોકેમેસ્ટ્રી વિભાગ:** આ વિભાગમાં માહે એપ્રિલ-૦૬થી જાન્યુ-૦૭ દરમ્યાન કુલ ૮૦૪૩ દર્દીઓના ટેસ્ટ કરવામાં આવેલ છે.

# : મુકતકો :

***નોંધ : સ્વામી વિવેકાનંદની પુસ્તિકાના વિચારોના આધારે***

માનવીનો દેહ તો પ્રત્યેક ક્ષણ ભરનો દિસે,
મનતેનુ મર્કટ સમુ, ચોદિશમાં ભટકયા કરે,
કાયમીને મુકત તત્વ જો કોઈ શરીરમાં હોય તો,
ભીતરના ભેરૂસમો આત્મા અજરને અમર છે.

———- ————————-

માનવી નિજદોશ દર્શન,કોઈ સામે કરતો નથી,
અવરને નયનોને નિરખે,નિજનયન, ખુદને નહિ,
માનવી હંમેશા દે છે, દોષ,બીજાને અચુક
નિજની નબળાઈઓ-ભૂલોને કોઈ નિરખતુ નથી.

————————- ————

દોષારોપણ માનવી હંમેશ કરે છે અવર પર,
કેપછી કોઈના મળેતો,ઢોળે છે તે ઈશ ઉપર,
વાવીયે તેવુ લણીયે,ન્યાય તે વિસરી જઈ ,
''હું જ ભાગ્ય વિધાતા'' તોય,ઢોળતો તે નસીબ પર.

————- ————— -

વાયુનો વહેતો રહે ,ઈશકૃપાનો અર્હનિશ જગે ,
થંભ્યા વિના -ઘટયા વિના, કૃપા તો વરસ્યા કરે,
કંઈક જગમાં છે સુખીને કઈક જગમાં છે દુ:ખી
વાક તેમાં શું નિયંતાનો ?જીવજો ગરૂલત માં રહો.

—————— ————————- ————

ઈશની અનહદ કૃપા ૧૨ જો અર્હનિશ જીવપર,
કોઈપણ સંજોગોમાંને,સર્વ કાળે-સ્થળ ઉપર,
ના કરે કોઈને ઝાજા કેના દે પિરસ્કાર તે,
ઉપભોગ લેવો કઈ રીતે, તેનો નિર્ભર જીવ ઉપર.

——————-

***સતીશચન્દ્ર ભી, પરીખ (રોકડીયા)***

## Shree Balasinor Navyuvak Sangh

## Pravas Parytan

One day picnic was arranged together with Pravas Paryatan committee on 11th Feb. 2007, Sunday at Pali Beach Resort, Bhayandar. About 172 members were present over there. Two buses were arranged from Mumbai and two buses from Malad & Borivali. Breakfast, Lunch as well as evening mini lunch was arranged at the resort.

Shri Mehul Upadhyah & his wife Sonal Upadhyh had arranged games for the members for Various group and they had sponsored Prizes along with Shri Jagadishbhai Lalchand Sheth and his wife Smt. Ushaben J. Sheth.

Everybody enjoyed over there and had fun with games.

We are thankful to all members who co-operated with us.

***- Shailesh N. Kadakia (Dhanghela)***
***Pravas Paryatan Convener***
***- Pradip P. Kadakia - Secretary***
***- Daxesh S. Parikh (Gheewala)***
***Suburban Activity Convener***

---

# વેદવાણી

મરણ સમયે પુરુષની વાણી મનમાં લીન થઈ જાય છે, મન પ્રાણમાં, પ્રાણ તેજમાં અને તેજ પરમાત્માં લીન થઈ જાય છે.

શ્રુતિ ભગવતી આમંત્રમાં મરણકાલીન સ્થિતિનું રહસ્ય ખોલીરહી છે. વ્યક્તિનો જયારે અંતકાળ તદન નજીક આવે છે. ત્યારે પ્રથમ તેની વાણીનો લય મનમાં થઈ જાય છે. આમ થવાથી તે વખતે તેનું મન તો કાર્યરત રહે છે. પણ વાણી કામ કરતી નથી. ત્યારે તેની આજુ બાજુ બેઠેલાં સ્વજનો કહે છે. ''તેને કાંઈક કહેવું છે.પણ બોલી શકતા નથી.''

પછી જયારે મન પણ પ્રાણમાં લીન થઈ જાય છે.ત્યારે તેના શ્વાસોચ્છવાસ તો ચાલતા હોય છે, પણ કોઈને ઓળખી શકતા નથી. પાસે ઊભેલો પૌત્રને પૂછે છેકે ''દાદાજી મને ઓળખ્યો ?'' પણ દાદાજીનું મન એ વખતે લયની સ્થિતિને પામી ગયેલ હોઈ, સગા પૌત્રને પણ ઓળખતા નથી અને પછી જયારે શ્વાસની ગતિ પણ અટકીજાય ત્યારે હજી જીવ છેકે નહીતેની ખાતરી કરવા લોકો તેના શરીરનો સ્પર્શ કરે છે અને જો શરીરમાં ગરમી લાગે તો કહે છે કે''હજુ જીવ ગયો નથી.'' આ સ્થિતિમાં તેના પ્રાણનો લય તેજ તત્વમાં થયો હોય છે. આ ઉષ્ણતાજ જેનું ચિહ્ન છે એવું જ તેજ પણ જયારે શમી જાય છે ત્યારે લોકો સ્વીકારી લે છેકે હવે આ શરીરમાં પ્રાણ નથી.

મંત્ર કહે છેકે સ્થિતિમાં જે સત્યાનુસંધાનપૂવર્ક શરીર છોડે છે તે તો સત્ત નેજ પ્રાપ્ત થઈ જાય છે. તેના આવાગમન મરી જાય છે.પરંતુ જે અનાત્મજ્ઞ છે તેને માટે તો કર્મનુસાર અન્ય દેહધારણ કરી સંસારચક્ર ચાલુ રહે છે.સંતો કહે છે કે જેમ એક સ્વપ્નમાંથી માણસ બીજા સ્વપ્નમાં સરી પડે છે,તેમ વ્યકિતનું એક નવું જીવન શરૂ થઈ જાય છે.

***- વલ્લવદાસ. સી. મોદી***

# શ્રી બાલાસિનોર સેવા સમાજ

શ્રી કે. એમ. જી. જનરલ હોસ્પિટલ, બાલાસિનોર મુકામે તા. ૨૪-૦૨-૦૭ ના રોજ દાતાઓનો સન્માન સમારંભ યોજવામાં આવેલ આ સમારંભમાં પૂજય શ્રી પ્રદયુમનભાઈ શાસ્ત્રી (વડોદરાવાળા) આર્શિવચન આપવા પધારેલ. તેમજ અતીથી વિશેષ તરીકે માનનીય શ્રી ભુપેન્દ્રસિંહજી સોલંકી (સાંસદ સભ્ય, ગોધરા), શ્રી રાજેશભાઈ પાઠક (પપ્પુભાઈ) (ધારાસભ્ય) અને શ્રીમતી નયનાબેન પટેલ (ખેડાજીલ્લા પંચાયતના પ્રમુખ) હાજર રહ્યા હતા. ટ્રસ્ટને પ્રોત્સાહીત દાન આપનાર સખાવતી દાતાઓ (૧) શ્રીમતી ઈલા રાજેશ કડકીયા (૨) શ્રીમતી અનુબેન જયોતિવદન શેઠ (૩) શ્રીમતી સુશીલાબેન બાબુલાલ કડકીયા (વલ્લભઘેલા) (૪) શ્રીમતી શર્મિષ્ઠાબેન નવિનચંદ્ર દેસાઈ (પેઢીવાળા)નું પૂજય શાસ્ત્રીજીના વરદ હસ્તે શાલ ઓઢાડીને તથા પ્રમુખથી નવિનચંદ્ર ચીમનલાલ શાહના વરદ હસ્તે મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવેલ.

ઔષધાલયના વિકાસ ફંડમાં રૂા.૧૧,૦૦૧/-નું વચન નાચેના દાતાઓ તરફથી મળેલ (૧) કડકીયા મધુસુદન ભીખાલાલ (ફાડીયા) (૨) પરીખ ચંદ્રકાંત કોદરલાલ.

તેમજ સેવા સમાજ સાધનદાન રૂા.૧૧,૧૦૧/-ના દાતાનું વચન કડકીયા ગોપાલદાસ ચીમનલાલ (ઓટલાવાળા) તરફથી મળેલ છે.

*મંત્રી - રાજેન્દ્ર દેસાઈ - ધીરુભાઈશેઠ*

---

# *શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) પુરસ્કૃત*

# *ટેલીફોન ડીરેકટરી ૧૦મી આવૃતિ*

## જાહેર ખબર બાબત સુધારો

Well Wisher "STRIP" on each page આ જાહેર ખબરમાં વ્યક્તિનું નામ અને જે જે ગોકુલેશ આવશે. આગળ લખ્યું હતું પરંતુ ટેલીફોન નંબર પ્રીન્ટ કરવામાં નહી આવે એની નોંધ લેશો. અને આ જાહેર ખબર ફક્ત વ્યક્તિના નામે લેવાશે (FIRM)કંપનીના નામે નહી લેવાય. એક વ્યક્તિ એક જ વાર Well Wisher "STRIP" ની જાહેરાત આપી શકશે.

ટેલીફોન ડીરેકટરીનું પ્રીન્ટીંગનું કામ ચાલુ થઈ ગયું છે. હજુ પણ જેમણે ફોર્મ આગળ ન ભર્યા હોય એમણે પોતાનો ફોન નં. તથા મોબાઈલ નંબર સંયોજક તથા મંત્રીને જણાવી દેવા. જેથી આ બુકમાં અમે પ્રીન્ટ કરી શકીએ.



ટેલીફોન ડીરેકટરીની ‘ડમી’ બુક તા. ૧૦.૪.૨૦૦૭ થી ૧૮.૪.૨૦૦૭ સુધી નીચે જણાવેલ એડ્રેસ ઉપર મુકવામાં આવશે. તો દરેક જણને પોતાનો નંબર ચેક કરી લેવા વિનંતી. પછી ભૂલચૂક રહેશે તો સંસ્થા જવાદાર નથી.

૧) પ્રગતિ સમાજની ઓફિસ, કાલબાદેવી
૨) શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફિસ
૩) શાહ એન્જી કું., ૬૪, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ- ૩.
૪) ચંદ્રેશ એન્ટરપ્રાઈર્સ કોર્પો. - ૧૭ દેવકરણ મેન્શન, લુહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
૫) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) સંયોજક : સી/૩૦૨, સુમેર નગર, એસ.વી. રોડ, બોરીવલી (વેસ્ટ)

*સંયોજક - હેમેન્દ્ર શાહ - ૨૮૦૫૦૭૩૫ /૯૮૨૦૦૧૧૫૮૬*

*મંત્રી - પ્રદીપ કડકીયા - ૨૨૦૧૮૩૨૬ /૯૮૧૯૩૮૯૪૮૪*

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

શ્રી કે.એમ. જી. જનરલ હોસ્પિટલ, બાલાસિનોર મુકામે તા. ૨૪-૦૨-૦૭ના રોજ દાતાઓનો સન્માન સમારંભ યોજવામાં આવેલ આ સમારંભમાં પૂજય શ્રી પ્રદયુમનભાઈ શાસ્ત્રી (વડોદરાવાળા) આર્શિવચન આપવા પધારેલ તેમજ અતીથી વિશેષ તરીકે માનનીય શ્રી ભુપેન્દ્રસિંહજી સોલંકી (સાંસદ સભ્ય, ગોધરા), શ્રી રાજેશભાઈ પાઠક (પપ્પુભાઈ)(ધારાસભ્ય)અને શ્રીમતી નયનાબેન પટેલ (ખેડાજીલ્લા પંચાયતના પ્રમુખ) હાજર રહયા હતા. ટ્રસ્ટને પ્રોત્સાહીત દાન આપનાર સખાવતી દાતાઓ (૧) શ્રીનવીનચંદ્ર કીરતનલાલ શાહ (૨) શ્રીમતી ઈન્દુબેન રસીકલાલ ધારીઆ (દલાલ)(૩) શ્રી રાજેન્દ્ર કીરતનલાલ દેસાઈ (૪) સાવિત્રીબેન ઓચ્છવલાલ મોદી (શહેરવાળા) અને (૫) શ્રી ગીરીશ કોદરલાલ કાપડીયા નું પૂજય શાસ્ત્રીજી વરદ હસ્તે શાલ ઓઢાડીને તથા તેમજ પ્રમુખ શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ ના વરદ હસ્તે મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવેલ.

**ઓપરેશન મિતી યોજના હેઠળ**

**રૂા. ૭૫૦૦/- ના દાતા માટે નીચેના**

**વધુ દાતાઓના વચન મળેલ છે.**

૧. ધાંરીઆ ઈન્દીરાબેન રજનીકાંત (માટલી)
૨. મોદી ચિંતન વિનિત (દેવ)
૩. મોદી શ્રધ્ધા ચિંતન(દેવ)
૪. શાહ ગુણવંતલાલ ઓચ્છવલાલ
૫. શાહ લીલાબેન ગુણવંતલાલ
૬. કચેરીયા લીલાબેન પ્રવિણચંદ્ર (ઠાસરાવાળા )
હસ્તે : પ્રવિણભાઈ કચેરીયા
૭. કડકીયા મહેશકુમાર રસીકલાલ (બેરા)
૮. કચેરીયા નિતીન પ્રવિણચંદ્ર (ઠાસરાવાળા)
૯. કચેરીયા નિતા નિતીન (ઠાસરાવાળા)
૧૦. દેસાઈ જતીન નવનીતલાલ
૧૧. દેસાઈ નીશા જતીન
૧૨. કડકીયા નિકુંજ વલ્લભદાસ
૧૩. પટેલ આર. એલ.એન્ડ સન્સ
૧૪. પટેલ ભુલાભાઈ શનાભાઈ એન્ડ સન્સ
૧૫. પટેલ વિઠ્ઠલભાઈ ભુલાભાઈ
૧૬. પટેલ બચુભાઈ કાલીદાસ
૧૭. શાહ રાગીણી અશોક (ખડગોધરાવાલા)
૧૮. દેસાઈ ભાવિ પ્રણય
૧૯. પ્રજાપતિ મણીબેન નરોત્તમદાસ
હસ્તે : નરોત્તમદાસ મંગલદાસ પ્રજાપતિ
૨૦. દેસાઈ સુષ્મા પ્રવિણ
૨૧. કડકીયા ઈન્દીરાબેન રજનીકાંત
૨૨. શાહ ચીમનલાલ લલ્લુભાઈ (હાથીખાનાવાળા)
૨૩. કડકીયા રસીકાબેન જયંતિલાલ (કુણીવાળા)
૨૪. શાહ દક્ષાબેન દીપકકુમાર(હાથીખાનાવાળા)
૨૫. મહેતા રેખાબેન સંદીપકુમાર(ધરીવાળા)
૨૬. કડકીયા પેરથ બાબુલાલ (વલ્લભઘેલા)
૨૭ કડકીયા ભૈરવીબેન પેરથ(વલ્લભઘેલા)
૨૮. સેવક નિતીન પ્રનિણચંદ્ર
૨૯. દેસાઈ સ્વ.મુલજીભાઈ છોટાલાલ
હસ્તે : રસીકભાઈ દેસાઈ
૩૦. મોદી સ્વ. મનીલાલ ચંદુલાલ (બોઝવાળા)
હસ્તે : નવિનભાઈ

૩૧. દેસાઈ પ્રેમીલાબેન રમેશચંદ્ર
૩૨. કાપડીયા સ્વ.કોદરલાલ મગનલાલ
હસ્તે : ગીરીશકુમાર કાપડીયા
૩૩. મોદી ચંદ્રકાંત ચીમનલાલ (પેપરવાળા)
૩૪. પરીખ રસીકલાલ પૂનમચંદ(સમાધાની)
હસ્તે : પરેશ રસીકલાલ પરીખ
૩૫. શાહ ઈન્દુમતી નવનીતલાલ (ઝાટ) યુ.એસ.એ.
હસ્તે : શાહ દીપક નવનીતલાલ
૩૬. શાહ નન્દીની દીપક (ઝાટ) યુ.એસ.એ.
હસ્તે : અનીકેત દીપક શાહ
૩૭. મોદી નટવરલાલ ચંદુલાલ (એમ. સી.મોદીવાળા)
૩૮. પરીખ સ્મીતા પંકજ શાંતીલાલ (જૂનાગઢવાળા)
૩૯. ગાંધી નીરંજન મગનલાલ હ : જયવંતી નિરંજન ગાંધી
૪૦. ધારીઆ કુમુદબેન કનુભાઈ (અણીયાદવાળા)
૪૧. પટેલ સ્વ.મણીબેન ચતુરભાઈ
હ.ભીખાભાઈ ચતુરભાઈ પટેલ (આંબાવાળી) વડોદરા
૪૨. પરીખ નયનાબેન શશીકાંત
હસ્તે : શશીકાંત મુલજીભાઈ પારેખ
૪૩. પટેલ પ્રભુદાસ બાબરભાઈ બીન મુળજીભાઈ
હસ્તે : વિઠ્ઠલભાઈ
૪૪. પટેલ ડાહ્યાભાઈ બાબરભાઈ બીન જીવાભાઈ
૪૫. પટેલ નારણભાઈ બાબરભાઈ બીન જીવનભાઈ
હસ્તે : ડાહીબેન
૪૬. હાજી મહંમદ અયાજ હાજી અબ્દુલ મુનાફ શેખ.

## બાલાસિનોરનું ગૌરવ

શ્રી કુંજબિહારી ઓચ્છવલાલ દોશી (મોડાસાવાળા)ના પુત્ર પરિમલ ઈન્ડીઅન નેવીમાં કેપ્ટનની પદવી મળી છે. હાલમાં કોચીનમાં ફરજ બજાવે છે. ફોન : ૦૪૮૪૨૬૬૨૪૯૭ - ૯૮૯૫૦૩૮૭૯૪ *- જગદીશ ધારીઆ*

## નીચેના દાતાઓ તરફથી

**રૂા. ૧૦૦૦૦૦/–ના દાનનું વચન મળેલ છે.**

**ઝવેરી બીપીનચંદ્ર મોહનલાલ (કોહીનૂર જવેલર્સ) હસ્તે : કોકીલાબેન**

**તેમજ હોસ્પિટલ માટે પાંચ વ્હીલ ચેર શ્રી સુરેન્દ્રભાઈ રતીલાલ પરીખ તરફથી દાનમાં મળેલ છે.**

**હોસ્પિટલમાં બ્લડ સ્ટોરેજ સેન્ટરના નામકરણ માટે રૂા.૧૦,૦૦,૦૦૦/-(દસ લાખ) ના દાન માટે દાતા તૈયાર છે. તેમ મુરબ્બીશ્રી રસીકભાઈ સાકરલાલ મોદી (દેવ) એ જાહેરાત કરી હતી.**

દાતાનું નામ સમય આવ્યે જાહેર કરવામાં આવશે.

આ સમારંભમાં પ્રવકતા તરીકે શ્રી પ્રવિણભાઈ સાંકરલાલ દેસાઈ, શ્રી રાજેન્દ્રભાઈ કીરતનલાલ દેસાઈ અને શ્રી ચંપકભાઈ શાહ (ઈશારાવાળા) હતા. સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખશ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહે કરેલ. દીપ પ્રાગટય પૂજય શાસ્ત્રીજી તથા મંચસ્થ મહાનુભાવોએ કરેલ. સંદેશા વાંચન મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ કરેલ. હોસ્પિટલના સ્થાનિક મંત્રીશ્રી રજનીભાઈ ઓચ્છવલાલ શાહે હોસ્પિટલનો પ્રવૃત્તિ અહેવાલ જણાવેલ. હોસ્પિટલનો આર્થિક ચિતાર સંસ્થાના ઉપપ્રમુખશ્રી અને સક્રિય વહીવટકર્તા મુ. શ્રી રસીકભાઈ સાકરલાલ મોદી (દેવ) એ હોસ્પિટલના આર્થિક પાસા અંગે દાતાશ્રીઓને પ્રોત્સાહીત કર્યા હતા. પુજનીય શાસ્ત્રીજીનો પરીચય શ્રી પ્રવિણભાઈ શાહ (ઝાટ) એ આપેલ .મુખ્ય મહેમાનોનો પરિચય શ્રી મણીકાંતભાઈ છોટાલાલ કડકીયા એ આપેલ.

દાતાશ્રીઓ તરફથી પ્રતિભાવ નીચે જણાવેલ દાતાઓએ આપેલ
૧) શ્રી રાજેન્દ્રભાઈ કીરતનલાલ દેસાઈ
૨) શ્રી કિરણભાઈ બીપીનચંદ્ર ઝવેરી (અમદાવાદવાળા)

*મંત્રીઓ*
*રાજેન્દ્ર દેસાઈ ધીરુભાઈ શેઠ*

# B. N. S. Cricket Special

- The Balasinor Navyuvak Sangh Lalkha Single Wicket. Tournament was played on 28.1.07. Total 24 Players were present. The matches were played in a true sprit in first semi final. Nihar Kadakia's beat Devang Parikh by one runs in second semi final Sandeep Dharia beat sameer Dalal by twelive runs in the final match. Sandeep Dharia made 14 runs of six balls & Nihar Kadakia made only 3 runs. These way Sandeep Dharia won the single wicket tournament seventh time. The services of filder was taken from the professional young boys through out the day & they have done there job supeblly. The winner was given price by convener Rupin Kadakia & comittee members, umpires & scorer were also called from outside & they have done there job perfectly. In absence of the Donor Mr. Dilipbhai Lalkha & family members & office bearers the price distribution was done by the cricket commitee members.

- Poonamchand Bera double wicket cricket trophy match was played on 18.2.2007 on willson college gymkhana ground, Sunday. 28 Players were present In the 1st semi final Apurva Mody & Kinjal Parikh beat Sharnik Shah & Paresh Parikh by 5 runs in second semi final. Nitin Parikh & Parag Shah beat Ashwin karkera & Karan Parikh by 11 runs. These year first time match was played for the third place and in that, Sharnik Shah & Paresh Parikh, beat Ashwin Karkera & Karan Parikh beat Niten Parikh & Parag Shah by 2 runs. Rupin Kadakia convener & Donors brother gave away the trophys to winner, 1st runnerup & 2 nd runner up again umpires & filders were called from outside. The match was played in good sprit by all the players.

***- Rupin Kadakia (Bera)***
***Cricket Convener***

---

## ‘‘પડછાયો’’

નથી છોડતો આ સાથ મારો ‘‘ પડછાયો.’’
મારી સાથ સાથ પ્રકેશમાં સંગાથઆપતો ભલો.

આ ભાગદોડ વચ્ચે, રાતના વિસામાની જરૂર મને,
અંધકારમાં નજરે ના ચઢે,આરામની જરૂર છે એને.

એને મારી પાસે થી શું લેવાનું ! છતાય સાથ આપે મને,
માનવી કરતા લાખ દરજ્જે સારો, નિસ્વાર્થ ભાવે સેવા આપે મને.

(અગ્નિ) અંત સમયના પ્રકાશમાં,એજ સાથ આપશે મને !
ભલે સંગાથે છોડી જાય સર્વે,મારી સાથે વિલીન એજ થશે.

***‘‘ચાંદશા’’***
***ચંદ્કાંત. શાહ (ચટઈ)***

# Shree Balasinor Navyuvak Sangh
# Jansathi Trophy Year 2006-2007

II Round :

**(1) D. 26.11.06**

Match Played between Apurva Dharia & Kinjal Parikh

Bowling first Apurva Dharia's team made 239 Runs in that Rahul Parikh made 87 Runs & Amit Kadakia made 35 Runs. In Bowling Sandeep Dharia took 4 for 47 & Kinjal Parikh took 4 for 52. Batting secound Kinjal Parikh's team made 241 Runs in 24 overs. Once again Sandeep Dharia made unbeaten 126 Runs. Kinjal won the match by 6 wickets

**(2) D. 3.12.06**

Match played between Shiten Kadakia & Nihar Kadakia. Bowling first Nihar's team made 235 for 8 wicket in 40 overs. Paresh Parikh made 59 runs & Sharnik Shah made 44 runs in bowling Mitesh Dharia took 3 for 47 & Pankaj Kadakia took 2/56. Batting 2nd Shiten Kadakia's team made 255 runs in 33.3 overs in which Shiten Kadakia made 125 runs & Tushar Dharia made 67 runs Shiten won the match.

**(3) D. 10.12.06**

Match played between Sanjay Mody & Suketu Parikh. Batting first Sanjay Mody's team made 303 for 5 wickets in which. Sameer Desai made 92 not out & Rippal Desai made 44 runs in bowlling Nilesh Kadakia took 2 for 75 Runs & Suketu Parikh took 2 for 57 runs. bowling second Suketu Parikh was all out for 295 runs in which Nirav Desai made 85 runs & Chirag Desai made 55 runs. Sameer Desai took 5/ for 40 runs. Yomesh Shah took 2/57 runs. Sanjay Mody's team won the match.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## સરનામું બદલી તથા નવું સરનામું જ્યોતિપુંજના પ્રકિર્ણ વિભાગમાં આપવા બાબત

સર્વે આજીવન સભ્યોને ખાસ વિનંતી કે તેઓએ તેમનું રહેઠાણ બદલી કરેલ હોય અને તેમને પોતાના નવા સરનામે જ્યોતિપુંજ મંગાવવું હોય તો અરજીની બે કોપી આપવી અને જ્યોતપુંજ પ્રકિર્ણ વિભાગમાં આપવું હોય તો અરજીની ત્રણ કોપી આપવી જરૂરી છે. સાથે અરજીમાં પોતાના જુના રહેઠાણનું સરનામું તથા આજીવન સભ્ય નંબર અથવા જુના જ્યોતિપુંજનું રેપર હોવું જરૂરી છે.

*લી. - મંત્રી - પ્રદીપ કડકીઆ*

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧ ) **ભૂપેન્દ્ર બાબુલાલ ગાંધી**
૪૦૫, હરી ઓમ કો.હા.સો.,
ન્યુ ચીખલ વાડી, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૦૭
ફોન : ૨૩૮૭૭૩૮૭

૨ ) **દેવાંગ આર. કડકીયા (મરઘા)**
૬/૩, નામે માને,
૨૦૧, એમઈએસ. કોલોની, એચએએલ,
૧ મેન, કોનેના ગ્રામ, રાજારાજેશ્વરી નગર,
બેંગ્લોર - ૧૭
ફોન : ૦૮૦ - ૨૫૨૨૨૮૭૨

૩ ) **કોકીલાબેન વી. દેસાઈ**
ફલેટ નં.-૪૦૯, ડી-બીલ્ડીંગ, ૪ થે માળે,
આનંદ નગર, ફોરજેટ હીલ,
મુંબઈ - ૪૦૦૦૩૬
ફોન : ૨૩૮૬૦૦૬૬

૪ ) **રજનીકાંત મણીલાલ શાહ (નગરશેઠ)**
**દેવાંગ રજનીકાંત શાહ (નગરશેઠ)**
૬૦૧/૬૦૨, ન્યુ શ્રી સાગર કો.હા.સો.,
જોગાણીની બાજુમાં, ડુંગરશી રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૬
ફોન : ૨૩૬૭૬૩૮૨, ૨૩૬૯૬૮૦૪
મો. : ૯૮૩૩૫૧૬૧૭૨/૯૮૨૦૦૫૪૦૯૦

## નવા ફોન નંબર

૧ ) **દક્ષેશ ગોપાલદાસ દેસાઈ**
ફોન : ૨૫૧૧૭૮૫૦ મો. : ૯૮૨૧૪૬૧૫૧૩

૨ ) **અવની દ. દેસાઈ**
મોબાઈલ : ૯૮૧૯૫૧૪૮૩૫

૩) **હિરેન દ. દેસાઈ**
મોબાઈલ : ૯૮૧૯૧૦૨૮૭૦

૪) **સુધીર ચીમનલાલ ધારીઆ**
ફોન : ૨૬૧૮૪૦૩૬

૫) **મનિષ મહેન્દ્રભાઈ આર. દેસાઈ (કલકત્તા)**
મોબાઈલ : ૯૮૩૦૫૪૫૪૫૮

## તેજસ્વી તારલા

- **કુ. પુજા ભૂપેન્દ્ર રસીકલાલ લાકડાવાળા** ડુરીયન સોસાયટી ઈન્ટીરીયર્સ ડીઝાઈનની કોમર્સ કેટેગરી ૨૦૦૭ની ઑલ ઈન્ડીયા કોમ્પીટીશનમાં તા. ૨.૫.૨૦૦૭ના રોજ સહાર ઈન્ટર કોન્ટીનેટલ હોટલમાં યોજાયેલા રચના સાંસદ સ્કૂલ ઓફ ઈન્ટીરીયરમાં પહેલું ઈનામ પ્રાપ્ત કરેલ છે. પુજા તથા તેની ત્રણ અન્ય છાત્રાઓએ રૂા. ૧,૨૧,૦૦૦.૦૦ અંકે રૂા. એક લાખ એકવીસ હજારનું ઈનામ પણ પ્રાપ્ત કરેલ છે.

સંસ્થાવતી પુજાને અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | **ઉંમર** |
|---|---|
| પ્રવીણચંદ્ર દલસુખભાઈ પરીખ | ૭૪ |
| જયેશભાઈ નવનીતલાલ ધારીઆ | ૪૮ |

પ્રભુ મરનારનાં આત્માને શાંતી અર્પે.

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**